


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૦ | ૧ ડિસેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પેટ્રોલમાં ૫૮ પૈસા-ડિઝલમાં ૨૫ પૈસાનો ઘટાડો

## વેટ સાથે ગુજરાતમાં પેટ્રોલમાં ૬૦ પૈસા,ડિઝલમાં ૨૮ પૈસાનો ઘટાડો : તીવ્ર મોંઘવારી વચ્ચે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં કરાયેલો ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી

અમદાવાદ/નવી દિલ્હી,તા.૩૦

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મોટી રાહત મળી ગઈ છે. કારણકે, પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ફરી એકવાર ઘટાડો કરવામાં આવ્યો છે. એકબાજુ પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલ ટેક્સ સિવાય લિટર દીઠ ૫૮ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે ડિઝલની કિંમતમાં લીટર દીઠ ૨૫ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

સુધારવામાં આવેલા દરો ૩૦મી નવેમ્બરથી અમલી બનાવી દેવામાં આવશે. અડધી રાતથી જ નવા ભાવ અમલમાં આવી ગયા બાદ લોકોને પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઓછી કિંમત ચુકવવી પડશે. એકબાજુ દેશના જુદા-જુદા વિસ્તારોમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ઘટાડો જુદો જુદો રહેશે. કારણકે સેલ ટેક્સ અને વેટને જોવામાં આવે છે. ગુજરાતમાં પેટ્રોલમાં પ્રતિ લીટર ૬૦ પૈસાનો ઘટાડો રહેશે. જ્યારે ડિઝલની કિંમતમાં ૨૮ પૈસાનો ઘટાડો રહેશે. આનો મતલબ એ થયો કે અમદાવાદમાં પેટ્રોલની કિંમત હાલમાં ૬૧.૮૧ રૂપિયા છે, જેમાં ૬૦ પૈસાનો ઘટાડો આજ રાતથી અમલી બની જશે. આવી જ રીતે ડીઝલની કિંમત અમદાવાદમાં લીટર દીઠ હાલમાં ૫૦.૧૩ રૂપિયા છે. જેમાં આજે અડધી રાતથી ૨૮ પૈસાનો ઘટાડો થઈ જશે. પેટ્રોલ અને ડીઝલની કિંમત ગુજરાતમાં અન્યો કરતા વધારે ઘટશે. સુધારવામાં આવેલા દર મુજબ દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે લીટર દીઠ ૬૦.૪૮ રૂપિયા થશે. જ્યારે ડીઝલની કિંતમ લીટર દીઠ ૪૬.૫૫ થશે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. દેશની સૌથી મોટી ઓઈલ રીટેલર કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને માહિતી આપતા કહ્યું છે કે, પેટ્રોલ અને

● અનુસંધાન પાન-૭ પર

# ક્લાઈમેટ ચેન્જ અંગે વિકસિત દેશો જવાબદારી અદા કરે




## જીવાશ્મ ફ્યુઅલ મારફતે આગળ વધતા દેશોને સ્પષ્ટ ચેતવણી : પેરિસમાં ક્લાઈમેટ ચેન્જ અંગે બેઠક શરૂ : મોદી સહિત ૧૫૦થી વધુ દેશોના વડા હાજર : વિકાસશીલ દેશો ઉપર બોજ નાંખવાની બાબત અયોગ્ય : મોદી

પેરિસ,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ક્લાઈમેટ ચેન્જના મુદ્દે અમીર રાષ્ટ્રોની જોરદાર ઝાટકણી કાઢી હતી. વિકસીત દેશોને ચેતવણી આપતાં કહ્યું હતું કે, જો વિકસીત દેશો ભારત જેવા વિકાસશીલ દેશો ઉપર તમામ દોષારોપણ નાંખી દેશે તો આ બાબત યોગ્ય રહેશે નહીં અને આ બાબત નૈતિકરીતે ખોટી રહેશે. ભારત જેવા વિકાશસીલ દેશો ઉપર ઉત્સર્જન ઘટાડવાનો બોજ ભારત ઉપર નાંખવામાં આવશે તો આ બાબત યોગ્ય રહેશે નહીં.

મોદીએ કહ્યું હતું કે, સામાન્ય લોકોની જવાબદારી ઘણી બધી રહેલી છે. અલગ-અલગ જવાબદારીઓના સિદ્ધાંત અમારા સામૂહિક ઉપક્રમના આધાર હોવા જોઈએ. અન્ય કોઈપણ પ્રકારના સિદ્ધાંત નૈતિક રીતે અયોગ્ય રહેશે.

વિકસીત દેશોને અપીલ કરતા કહ્યું હતું કે, જળવાયુ પરિવર્તનની સામે લડાઈ લડવામાં વધારે જવાબદારી વિકસીત દેશોને ઉપાડવાની જરૂર છે. બ્રિટેનના અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સમાં લખવામાં આવેલ લેખમાં મોદીએ કહ્યું હતું કે, કેટલાક લોકો કહે છે કે આધુનિક દેશોએ સમૃદ્ધિની દિશામાં આગેકૂચ કરી છે. માનવતાના આધાર ઉપર વિશ્વના દેશો આગળ વધે તે અતિજરૂરી છે. મોદીએ ઉમેર્યુ હતું કે, વિજ્ઞાન આજે ખૂબ જ આગળ વધી ગયું છે.

● અનુસંધાન પાન-૭ પર

## મોદી અને નવાઝ શરીફ મળ્યા

પેરિસ,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પેરિસમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફ સાથે થોડાક સમય સુધી વાત કરી હતી. બન્ને નેતાઓ જળવાયુ પરિવર્તન પર ૨૧મી શિખર બેઠકમાં ભાગ લેવા માટે ફ્રાન્સ પહોંચ્યા છે. ફ્રાન્સના પાટનગરમાં બન્ને નેતાઓએ એકબીજાને હાથ મિલાવ્યા હતા અને બેસીને થોડાક સમય માટે વાતચીત પણ કરી હતી. આ વાતચીતમાં કયા મુદ્દે ચર્ચા થઈ

● અનુસંધાન પાન-૭ પર



## પંચાયત-પાલિકા માટે ભારે મતદાન કોને ફળશે ? : ટોક ઓફ ધ ટાઉન

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં થયેલા ૬૫ ટકાથી વધુ મતદાનને પગલે ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોમાં ચિંતા ઉઠી છે. અને આટલા ભારે મતદાનથી કોને ફાયદો થશે તેના ગણિત માંડવામાં પ્રદેશ નેતાઓ વ્યસ્ત બન્યા છે.

રાજ્યની ૩૧ જિલ્લા પંચાયતો ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની ગઈકાલે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૬૫ ટકાથી વધુ ભારે મતદાન નોંધાવા પામ્યુ છે. જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં મતદારોએ ઉત્સાહભેર ભારે મતદાન કરીને ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોની મુંઝવણ વધારી દીધી છે.

આટલા ભારે મતદાનથી કોને ફાયદો થશે અને નુકશાન થશે તો કેટલુ નુકશાન થશે એ અંગે બુથવાઈઝ થયેલ મતદાનના આંકડાઓની ગણતરી કરીને હાર જીતના ગણિત માંડવામાં ભાજપ કોંગ્રેસના નેતાઓ વ્યસ્ત બન્યા છે.

જો કે આટલુ ભારે મતદાન કોને ફાયદો કરાવશે અને કોને રોવડાવશે તે તો આગામી ૨જી ડિસેમ્બરના રોજ જાહેર થનાર પરિણામો પછી જ ખ્યાલ આવશે. જો કે હાલ તો ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ નેતાઓ જિલ્લા તાલુકામાં બુથવાઈઝ મળેલ મતદાનના આંકડા અને જ્ઞાતિ સમીકરણોને ધ્યાનમાં લઈને આ મતદાનથી ભાજપા અને કોંગ્રેસને ક્યાં કેટલો ફાયદો અને નુકશાન થશે તેની મથામણમાં વ્યસ્ત છે.

## વિમાની મથકે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનું ભવ્ય સ્વાગત





રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આજે બપોરે અમદાવાદ વિમાની મથકે આવી પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આજથી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે અમદાવાદ વિમાની મથકે રાજ્યના રાજ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પુષ્પ ગુચ્છ અર્પણ કરીને સ્વાગત કર્યુ હતું. અમદાવાદ વિમાની મથકે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આવી પહોંચ્યા ત્યારે તેમને ગાર્ડ ઓફ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ પણ ઉપસ્થિત રહીને રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યુ હતું.










